





# ૧૦મો
# વાર્ષિક અહેવાલ અને હિસાબો
## વર્ષ : ૨૦૨૧-૨૨

## શ્રી પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.
## સુદામા ડેરી - પોરબંદર



પોરબંદરના ધારાસભ્ય અને પૂર્વ કેબીનેટ મંત્રી શ્રી બાબુભાઈ બોખીરીયા દ્વારા કૃતિયાણા સ્થિત પેકીંગ અને પ્રોસેસીંગ પ્લાન્ટની મુલાકાત લેવામાં આવેલ અને સહકાર કાયદા, પશુપાલન અને ગાયના દૂધ કલેકશન અંગે સંઘના એમ.ડી ડો. ભરતભાઈ પુછડીયાને માર્ગદર્શન પુરૂ પાડવામાં આવેલ



ભારતીય જનતા પાર્ટી ગુ.રા.ના યશસ્વી અધ્યક્ષ માનનીય શ્રી સી. આર. પાટીલ સાહેબની પોરબંદર ડેરીની શુભેચ્છા મુલાકાત કરવામાં આવેલ જેમણે આવકારતા પોરબંદરના ધારાસભ્ય શ્રી બાબુભાઈ બોખીરીયા, દૂધ સંઘના ચેરમેનશ્રી ભરતભાઈ ઓડેદરા તથા પોરબંદર જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી કિરીટભાઈ મોઢવાડીયા.

રજી. નં. : નઘણ/પી.બી.આર યુનિયન (દૂધ) ૪૧૪૭૭/૨૦૧૩ તા. ૨૬-૪-૨૦૧૩

# શ્રી પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમીટેડ

## સુદામા ડેરી - પોરબંદર

# ૧૦મી વાર્ષિક સાધારણ સભાની નોટીસ

શ્રી પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. પોરબંદરની વર્ષ ૨૦૨૧-૨૨ ની વાર્ષિક સાધારણ સભા નીચે મુજબની કાર્યસુચિ માટે **૨૫/૦૮/૨૦૨૨ ને ગુરૂવારના રોજ સવારે ૧૦:૩૦ કલાકે, સ્થળ : સુદામા ડેરી, કુતિયાણા પેકીંગ પ્લાન્ટ** ખાતે મળનાર છે. તેમાં આપશ્રી ઉપસ્થિતિ રહેશો તેવી વિનંતી છે.

## :: કાર્યસૂચિ ::

૧. ગત સાધારણ સભાની કાર્યવાહી વંચાણે લઈ બહાલી રાખવા બાબત.
૨. તા. ૩૧ મી માર્ચ ૨૦૨૨ના રોજ પુરા થતા વર્ષનો અહેવાલ તથા વેપારખાતું, નફા નુકશાન ખાતુ તેમજ તા. ૩૧ માર્ચ-૨૦૨૨ ના રોજ પુરા થતા વર્ષનું સરવૈયું મંજૂર કરવા બાબત.
૩. વર્ષ ૨૦૨૧-૨૨ ના નફાની ફાળવણી મંજૂર કરવા બાબત.
૪. વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન બજેટ ઉપરાંત થયેલ વધારાના ખર્ચને મંજૂર કરવા બાબત.
૫. વર્ષ ૨૦૨૨-૨૩ માટેના અંદાજપત્રને મંજૂર કરવા બાબત.
૬. પેટા નિયમની મર્યાદામાં રહીને બહારનું કરજ કરવાની સત્તા નકિક કરવા બાબત.
૭. પેટા નિયમમાં મંજૂર-નામંજૂર થયેલ સુધારાની નોંધ લેવા બાબત.
૮. પેટા નિયમમાં સુધારા કરવા બાબત.
૯. સહકારી કાયદા કલમ-૭૧ની મળેલ મંજૂરી બહાલી આપવા બાબત.
૧૦. વહિવટી મુદ્દાઓ.
(૧) કર્મચારી બાબત.
(૨) સ્ટાફ માળખા બાબત.
(૩) ચેરમેનશ્રી/મેનેજીંગ ડિરેકટરશ્રીના ડેલિગેશન ઓફ પાવર્સ બાબત.
(૪) સ્ટેચ્યુટરી/ઈન્ટરનલ ઓડિટરની નિમણુંક બાબત.
૧૧. સંઘ દ્વારા ધરવાના ભાવી કાર્યક્રમ બાબત.
૧૨. અધ્યક્ષ સ્થાનેથી કાયદાની હદમાં રહિને રજૂ થાય તે કામોની ચર્ચા વિચારણા કરવા બાબત.

(નિયામક મંડળના આદેશથી)

મેનેજીંગ ડિરેકટર

**નોંધ :-** કોરમના અભાવે મુલત્વી રહેલ વાર્ષિક સાધારણ સભા તે જ દિવસે તે જ સ્થળે અડધો કલાક બાદ હાજર રહેલા સભ્યોનું કોરમ ગણી સભા કાર્યસુચિ મુજબના કામોનો નિકાલ કરશે, જે કાયદેસર ગણાશે. (જે દરેક સભ્યશ્રીને માન્ય રહેશે.)

# શ્રી પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમીટેડ

## સુદામા ડેરી - પોરબંદર

## નિયામક મંડળ : ૨૦૨૧-૨૨



**શ્રી ભરતભાઈ જીવાભાઈ ઓડેદરા**
અધ્યક્ષશ્રી

શ્રી ઈશ્વરીયા દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. ઈશ્વરીયા



**શ્રી ભરતભાઈ ભીમાભાઈ બોખીરીયા**
ઉપાધ્યક્ષશ્રી

શ્રી બોખીરા દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. બોખીરા



**શ્રી વિરમભાઈ દુદાભાઈ કારાવદરા**
ડીરેકટરશ્રી

શ્રી સીમર દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. સીમર



**શ્રી નાગાભાઈ માત્રાભાઈ ઓડેદરા**
ડીરેકટરશ્રી

શ્રી ભાવપરા દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. ભાવપરા



**શ્રી અરજનભાઈ પુંજાભાઈ ભુતિયા**
ડીરેકટરશ્રી

શ્રી દેરોદર દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. દેરોદર



**ડો. આકાશ બાબુભાઈ રાજશાખા**
ડીરેકટરશ્રી

શ્રી આદિત્યાણા દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. આદિત્યાણા



**શ્રીમતિ રાંભીબેન બાલુભાઈ મકવાણા**
ડીરેકટરશ્રી

શ્રી રાણા વડવાળા(મ) દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. રાણા વડવાળા



**શ્રીમતિ લતાબેન સંદિપભાઈ ભુવા**
ડીરેકટરશ્રી

શ્રી મધુવન(મ) દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. માધવપુર



**શ્રીમતિ જ્યોતિબેન દિલિપભાઈ ઓડેદરા**
ડીરેકટરશ્રી

શ્રી કામધેનુ(મ) દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. મોહબતપરા



**શ્રી ભાવેશ ધોળકીયા**
પ્રતિનીધીશ્રી
જી.સી.એમ.એમ.એફ. લી. આણંદ



**ડો. ભરતભાઈ પુછડીયા**
ઈન્ચાર્જ મેનેજીંગ ડીરેકટર



**શ્રી જય શાહ**
જીલ્લા રજીસ્ટ્રારશ્રી

# શ્રી પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમીટેડ

## સુદામા ડેરી - પોરબંદર



**શ્રી ભરતભાઈ જીવાભાઈ ઓડેદરા**

**અધ્યક્ષશ્રી**

### મારા વ્હાલા દૂધ ઉત્પાદક ભાઈઓ અને બહેનો

દૂધ સંઘની ૧૦મી વાર્ષિક સાધારણ સભામાં સુદામા ડેરી પરિવારના સભ્યો એવા તમામ દૂધ મંડળીના પ્રમુખશ્રીઓ, ઉપપ્રમુખશ્રીઓ, વ્ય.ક.સભ્યશ્રીઓ, મંત્રીશ્રીઓ તથા દૂધ ઉત્પાદક ભાઈઓ અને બહેનોનું અંતઃકરણપૂર્વક સ્વાગત કરૂ છું અને દૂધ સંઘ દ્વારા નિમાયેલ ઓડીટરશ્રી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ વર્ષ ૨૦૨૧—૨૨ના દૂધ સંઘના હિસાબો તથા દૂધ સંઘના કામકામ અને વિકાસલક્ષી પ્રવૃતિઓનો અહેવાલ આપ સમક્ષ રજૂ કરતાં ગૌરવ અને હર્ષની લાગણી અનુભવુ છું.

હિસાબી વર્ષ દરમ્યાન દૂધ સંઘ દ્વારા દૈનિક સરેરાશ ૨.૬૬ લાખ કિલો દૂધ સંપાદન કરવામાં આવેલ છે. તેમજ તા. ૩૧/૦૧/૨૦૨૨ ના રોજ એક દિવસનું મહત્તમ ૩.૯૮ લાખ કિલો દૂધ સંપાદન કરવામાં આવેલ છે.

પોરબંદર જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ (સુદામા ડેરી)ની વર્ષ ૨૦૧૩ માં સ્થાપના થયેલ છે. જે ખૂબજ ટુંકા સમય ગાળામાં એક વટવૃક્ષ બની પોરબંદર જીલ્લાની જનતાની જીવાદોરી સમાનબની રહ્યું છે.

ગ્રામીણ વિસ્તારોમાં રાષ્ટ્રીય બેંકો અને સહકારી બેંકના ખાતા ઉપર પુરતું ધ્યાન, નાણાંકીય સહાય, યોગ્ય સલામત રક્ષકો સાથેની સગવડો પર્યાપ્ત થાય તે ખૂબજ જરૂરી છે. વર્ષ દરમ્યાન કાર્યરત દૂધ મંડળીઓમાં તાંત્રિક સેવાનો ઉપયોગનો વ્યાપ વધેલ છે. જેમાં ગાય અને ભેંસ માટે ઘરે બેઠા પશુસારવાર સેવા, સારી ઓલાદના પશુઓ પેદા થાય અને દૂધ ઉત્પાદનમાં વધારો થાય તે માટે કૃત્રિમ બીજદાન યોજના, સામુહિક કૃમિનીવારણ તેમજ પશુ રસીકરણ જેવી પ્રવૃતિમાં વધારો કરેલ છે. તેમજ દૂધ ઉત્પાદકોની સ્વીકૃતિ ઉપર અને સારી ગુણવત્તાવાળો પશુ આહાર મળે તે માટે અમુલ દાણનું વેચાણ કરવામાં આવેલ છે.

આપણા પશુપાલકો દ્વારા પુરતી વ્યવસ્થા, પશુઆહાર, પશુ રોગનિયંત્રણ, પશુ સવર્ધન તેમજ વિશિષ્ટ પ્રકારની પશુની માવજત કરવાથી પશુપાલનના ધંધામાં ઉત્પાદન વધારવા અને ટકાવી રાખવા ખુબજ મદદરૂપ થાય છે. વિમુદ્રિકરણના નિર્ણયને કારણે હવે ખરો સમય આવી ગયેલ છે કે દૂધ ઉત્પાદકોના બેંક એકાઉન્ટ ખૂલવાથી અને કેશલેશ તેમજ ડીઝીટલ પેમેન્ટ દ્વારા વહેલા યા મોડા પણ બચતની ટેવ પાડવા તરફ લઈ ગયેલ છે. બેંક એકાઉન્ટ ખોલવામાં હજુ વધુ રસ દાખવવો જરૂરી છે. જે દૂધ ઉત્પાદકોને ભવિષ્યમાં લાભકર્તા બનશે.


ગત વર્ષમાં આપણી સુદામા ડેરીના મિઠાઈ શોપનું ઉદ્ઘાટન કરવામાં આવેલ જેના દ્વારા આપણે આપણા પેકીંગ પ્લાન્ટમાં તૈયાર થયેલ બંગાળી મિઠાઈ, કાજુ મિઠાઈ, પેંડાઓ, શ્રીખંડ વગેરેનું વેચાણ સુદામા ડેરી અને અમૂલ બ્રાન્ડમાં કરવામાં આવશે.


કુતિયાણા સ્થિત (૨.૫૦ લાખ લીટરનો પ્લાન્ટ) આધુનિક પ્રોસેસીંગ અને પેકીંગ પ્લાન્ટથી સુદામા ડેરીની આવકમાં વધારો થયેલ છે જેથી આપણે આપણા પશુપાલકોને વધારે ભાવ આપી શકયા છીએ.

ચાલો આપણે એક નવા અભિગમ સાથે તમોને મારી વિનંતી અને સલાહ છે કે ગ્રામ્ય વિસ્તારમાં દૂધ અને દૂધની બનાવટોની વેચાણ માટે વ્યવસ્થા ઉભી કરીને પોરબંદર દૂધ સંઘના પ્રચારક બની આપણા વિસ્તારના ખેડૂતોના વિકાસમાં ભાગીદાર બનીએ.

## દૂધ સંપાદન :

વર્ષ ૨૦૨૧–૨૨ માં કુલ ૮૬૯ કાર્યરત મંડળીઓના સભાસદો મારફતે કુલ લાખ (પ્રતિદિન સરેરાશ ૨.૬૬ લાખ) દૂધ સંપાદન થયેલ છે જે કાર્યરત મંડળી દીઠ ૧.૧૧ લાખ કિલોની સરેરાશ દર્શાવે છે.





## દૂધ ભરતા ગ્રાહકો :

વર્ષ ૨૦૨૧–૨૨ માં કુલ ૪૬૬૯૧ દૂધ ભરતા ગ્રાહક રહેલ જે ગત વર્ષ ૨૦૨૦–૨૧માં ૪૮૬૧૫ હતા. હાલમાં દૂધ સંઘમાં દેવભુમિ દ્વારકા અને ગીર સોમનાથ જિલ્લામાં વધુને વધુ પશુપાલકો આપણી સાથે જોડાય રહયા છે. તેમજ હજી પણ દૂધ ભરતા ગ્રાહકો સતત અને નિયમિત દૂધ મંડળીમાં દૂધ ભરતા થાય તેવા પ્રયત્નો કરવા જોઈએ જેથી દૂધ મંડળીમાં દૂધ એકત્રીકરણ જળવાઈ રહે.

## દૂધ ખરીદ ભાવ :

પોરબંદર સંઘમાં દૂધ ખરીદ કીંમત ગુણવત્તા સિવાય કેટલાક બીજા પાસાઓ ઉપર આધારિત છે. ગત વર્ષ ૨૦૨૦–૨૧માં દૂધ ખરીદ ભાવ રૂા. ૬૫૬ પ્રતિકિલો ફેટ ચુકવાયેલ હતા.

હિસાબી વર્ષ ૨૦૨૧–૨૨ દરમ્યાન સરેરાશ પ્રતિકિલો ફેટના રૂા. ૬૭૩ નો ભાવ ચુકવવામાં આવેલ છે. દૂધ ઉત્પાદકોને વધુમાં વધુ ભાવ મળી રહે તે માટે મારા સતત પ્રયત્નો રહયાં છે.



## દૂધની ગુણવત્તા અને સ્વચ્છ દૂધ ઉત્પાદન :

તમામ ખાદ્ય પદાર્થોમાં સારી ગુણવત્તાનું મહત્વ હોય છે. પણ દૂધની ગુણવત્તામાં ધ્યાન આપવું પડે કારણ કે દૂધનો ઉપયોગ નાના બાળકો, બીમાર વૃધ્ધ વ્યકિતઓ વધારે કરતા હોય છે. દૂધની ગુણવત્તા મુખ્ય ગાય / ભેંસ આંચળથી શરૂઆત થાય છે. ચોખ્ખા દૂધનું ઉત્પાદન ખેડૂત અને દૂધ ઉત્પાદક ઉપર આધારિત છે. આપણે જાણીએ છીએ કે દરેક પ્રકારની દૂધ અને દૂધની બનાવટોનો મુખ્ય આધાર દૂધની ગુણવત્તા ઉપર રહેલો છે. પોરબંદર દૂધ સંઘ દ્વારા G.C. મશીન, FT1 જેવા આધુનિક મશીનો દ્વારા દૂધ ટેસ્ટીંગ કરવામાં આવે છે. તેમજ કોઈ દૂધ મંડળીઓનું દૂધ ભેળસેળ વાળુ માલુમ પડે તો પ્રતિ કેન રૂા. ૨૦૦૦/– ની પેનલ્ટી મારવામાં આવે છે તથા કેશમાં કલર મિકસ કરી દૂધનો નાશ કરવામાં આવે છે.

### સ્વચ્છ દૂધ ઉત્પાદનના અસરકારક પરિબળો નીચે મુજબ છે.

- ગાય અને ભેંસના ભાવ અને આંચળની તંદુરસ્તી
- આસપાસનું વાતાવરણ અને રહેઠાણની સ્વચ્છતા
- દૂધ દોહન કરનારની તંદુરસ્તી અને દોહન પધ્ધતિ
- દૂધ દોહવામાં વાપરવામાં આવતા વાસણોની સ્વચ્છતા
- પશુપાલકોની સ્વચ્છ દૂધ ઉત્પાદન પ્રત્યેની જાગૃતિ

## કૃત્રિમ બીજદાન :

ઓછા ખર્ચે વધારે દૂધ ઉત્પાદન મેળવવા માટે સારી ઓલાદના પશુ રાખવા જરૂરી છે. સારી ઓલાદના પશુ સંવર્ધન માટે ઉત્તમ ઓલાદના નર પશુના સીમેન ડોઝ દ્વારા કૃત્રિમ બીજદાન થકી પશુઓને ફેળવવા જરૂરી છે. કૃત્રિમ બીજદાનથી માદા પશુને થતા ચેપી રોગ અટકાવી શકાય છે.

હિસાબી વર્ષ ૨૦૨૧–૨૨માં કુલ ૪૦ કૃત્રિમ બીજદાન કેન્દ્રો મારફત ૭૭૮૫ કૃત્રિમ બીજદાન કરેલ છે. જે ભેંસ વર્ગમાં ૬૨૬૬ તથા ગાય વર્ગમાં ૧૫૧૯ કૃત્રિમ બીજદાન કરવામાં આવેલ છે. કૃત્રિમ બીજદાનથી ૧૩૧૭ બચ્ચાઓનો જન્મ થયેલ છે.



## પશુ સારવાર સેવા

જિલ્લાના દૂધ ઉત્પાદકોના પશુઓને સસ્તી સારી અને ઝડપી પશુ સારવાર મળી રહે તે માટે સુદામા ડેરી દ્વારા વર્ષ ૨૦૧૫–૧૬ થી સભાસદોને ઘરે બેઠા પશુસારવાર સેવાની શરૂઆત કરવામાં આવેલી છે. હિસાબી વર્ષ ૨૦૨૧–૨૨ દરમ્યાન કુલ ૫૨૫૨ પશુઓની સારવાર કરવામાં આવેલ છે. તે પૈકી ૪૪૩૦ ભેંસ વર્ગના પશુઓ તથા ૮૨૨ ગાય વર્ગના પશુઓનો સમાવેશ થાય છે.

## ઘરેલુ ઉપચારથી પશુ સારવાર (EVP)

હાલ (આંચળ)ની તથા અન્ય બીમારોઓના ઉપચાર માટે ઘરગથ્થુ સારવાર પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવી રહયો છે. વર્ષ ૨૦૨૧–૨૨ દરમ્યાન કુલ ૪૬૭ પશુઓને ઘરેલુ ઉપચાર પધ્ધતિથી સારવાર આપવામાં આવેલ છે જેમાંથી કુલ ૩૭૧ પશુ સફળતાપૂર્વક સાજા થયેલ છે ભવિષ્યમાં વધુમાં વધુ ઘરેલુ ઉપચાર પધ્ધતિનો ઉપયોગ કરી એન્ટીબાયોટિક દવાઓનો ઉપયોગ ઘટાડવાનું આયોજન છે.

## રસીકરણ

આ તાંત્રિક સેવા ખુબજ મહત્વની છે અને ખેડૂતોમાં ખુજબ લોકપ્રિય છે. વર્ષમાં બે વખત આ સેવા આપવામાં આવે છે. જેની ખેડૂતોને જાણ હોવાથી તે આતુરતાથી રાહ જોવે છે. ગાય અને ભેંસ માંથી આર્થિક પોષણક્ષમ વળતર માટે રસીકરણ કરાવવું ખુબજ અગત્યનું છે. ખરવા–મોવાસા તથા ગળસૂંઢાના રોગથી પશુઓનું દૂધ ઉત્પાદન ઘટી જાય છે. તેમજ ઘણા કિસ્સામાં પશુનું મૃત્યુ પણા થતુ હોય છે. તેથી વર્ષમાં બે વાર આ રોગનું રસીકરણ થવુ જરૂરી છે. હિસાબી વર્ષ ૨૦૨૧–૨૨ દરમ્યાન ૧૧૭૩૦ પશુઓને ખરવા–મોવાસા તથા ગરસૂંઢાનું રસીકરણ કરવામાં આવેલ છે.

## બાવલા રોગ નિયંત્રણ કાર્યક્રમ (MPP)

દૂધાળા પશુઓમાં સૌથી વધુ આંચળ/બાવલાની બીમારીના રોગનું પ્રમાણ જોવા મળે છે જેના માટે CMT ટેસ્ટ કરવામાં આવે છે. આ ટેસ્ટ કરવાથી છુપાયેલા રોગનું નિદાન થઈ શકે છે અને તેને સમયસર સારવાર આપી શકાય છે હિસાબી વર્ષ ૨૦૨૧–૨૨માં સંઘ દ્વારા કુલ ૧૦૦ ગામની દૂધ મંડળીઓના ૨૭૭૧૯ ગ્રાહકોના દૂધના સેમ્પલનો તપાસ કરવામાં આવેલ અને પોઝિટીવ આવેલ દૂધ સેમ્પલના પશુઓને સારવાર આપવામાં આવેલ જેમાંથી ૮૦% થી પણ વધુ પશુઓ સ્વસ્થ થયેલ છે.

## પશુ આહાર :

આપ સૌ જાણો છો કે ખેડૂતો દ્વારા ગાયો અને ભેંસોને ઓછી માત્રમાં નબળી ગુણવત્તાવાળુ ખાણદાણ આપવાથી તેનું દૂધ ઉત્પાદન અને શારીરિક વિકાસ રૂંધાય છે. ખોરાકની જરૂરીયાત મુજબ જુદા જુદા પ્રકારના અમુલ દાણ પશુઆહારનો ઉપયોગ કરી શકાય છે અને ઉણપ પણ ઘટાડી શકાય છે. બીજા તાંત્રિક કાર્યક્રમોની જેમ જ અમુલદાણ માટે જાગૃતતા કાર્યક્રમથી તેના ખુબજ મોટા ફાયદા મેળવી શકાય છે. આ માટે મંડળીઓનો વ્યાપ અને રસ ધરાવતા ખેડૂતોની સંખ્યામાં વધારો જોવા મળેલ છે. વર્ષ દરમ્યાન કુલ ૪૯૦ ટન દાણનું વેચાણ થયેલ છે.

## ખાણદાણ સહાય યોજના

ગુજરાત સરકારશ્રીની રાજયના પશુપાલકોના ગાભણ પશુઓને ખાણ–દાણ આપવાની યોજના હેઠળ એક લાભાર્થીના એક પશુ માટે ૧૦૦% સહાય રૂા. ૪૬૨૫/– થી ૫ ગુણ દાણ આપવાની યોજના અમલમાં છે. આ યોજના હેઠળ નાયબ પશુપાલન નિયામકશ્રી, પોરબંદર દ્વારા કુલ ૨૫૨૨ લાભાર્થીઓને ૫ ગુણ પ્રમાણે ૧૨૬૧૦ ગુણ દાણ લાભાર્થીઓના ઘર બેઠા પુરુ પાડવામાં આવેલ છે આ યોજના હેઠળ લાભાર્થીદીઠ રૂા. ૪૬૨૫ પ્રમાણે ૨૫૨૨ લાભાર્થીઓ માટે કુલ રૂા. ૧,૧૬,૬૪,૨૫૦/– ની સહાય મળેલ છે. ગાભણ પશુઓને ગર્ભના વિકાસ, તંદુરસ્તી તેમજ વિયાણ બાદ પશુઓના દૂધ ઉત્પાદન તથા ફેટમાં વધારા માટે દાણ આપવું ખૂબ જ જરૂરી છે.



## ચાફકટર સહાય યોજના

ચાફકટરનો ઉપયોગ કરવાથી બહુજ કીંમતી ઘાસચારનો બગાડ અટકાવી શકાય છે. ચાફકટરના ઉપયોગથી ઘાસચારાના નાના ટુકડા થતા હોવાથી પશુ બધો ચારો ખાઈ શકે છે અને પશુની પાચન શકિત પણ સારી બને છે. ચાફકટરનો ઉપયોગ કરી લીલા તથા સુકા ચારાના ટુકડા મિકસ કરી શકાય છે. ચાફકટર થી લીલા ચારાને કાપીને સાયલેજ બનાવવામાં આવે તો જયારે લીલો ચારો પ્રાપ્ત ન હોય ત્યારે સાયલેજમાંથી ચારો ખવડાવવાથી બારે માસ લીલો ચારો મળી રહે છે જેથી દૂધ ઉત્પાદન ખર્ચ ઓછો કરી શકાય છે.

ચાફકટર સહાય યોજનામાં લાભ લેવા માટે પશુપાલકને ગુજરાત રાજયના કૃષિ અને સહકાર વિભાગના આઈ–ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવાની હોય છે. ચાફકટર સહાય યોજનામાં કુલ ખર્ચના ૭૫% અથવા રૂા. ૧૫,૦૦૦/– આ બે માંથી જે ઓછી હોય તે રકમ સરકારીશ્રીના ધારાધોરણ મુજબ સહાય મળવા પાત્ર હોય છે. આપણા જિલ્લામાં વધુમાં વધુ પશુપાલકો આઈ–ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરી લાભ લે એ દૂધ ઉત્પાદન ખર્ચ ઓછો કરવા માટે ખુબજ લાભદાયી છે. આ માટે જરૂરી સહકાર દૂધ સંઘના સહકાર વિભાગ તરફથી મળી રહેશે.

## કિશાન ક્રેડીટ કાર્ડ (KCC)

સરકારશ્રી દ્વારા ખેડૂતોને ખેતીકામ માટે હંગામી ખર્ચાઓને પહોંચી વળવા માટે કિશાન ક્રેડીટ કાર્ડની સુવિધા પરુ પાડવામાં આવે છે. તેવી જ રીતે કેન્દ્ર સરકારના આત્મનિર્ભર ભારત મિશન અંતર્ગત પશુપાલકોને પશુઓના ભરણપોષણના હંગામી ખર્ચાઓને પહોંચી વળવા માટે કિશાન ક્રેડીટ કાર્ડ (પશુપાલાન)ની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. જેનો લાભ ઘણા પશુપાલકોને મળેલ છે.

## એચ.આર. પ્રવૃતિ

સંઘના કર્મચારીઓ નિષ્ઠા, વફાદારી અને શિસ્તથી પોતાની ફરજો બનાવે છે તેઓના કામ પ્રત્યેનો ઉત્સાહ જળવાઈ રહે તે હેતુથી સંઘ દ્વારા નીચે મુજબના લાભો આપવામાં આવે છે.

(૧) મેડીકલ અકસ્માત વિમો (૨) ગ્રેજયુઈટી (૩) લીવ એન્કેશમેન્ટ (SL)

વર્ષ ૨૦૨૧–૨૨માં સંઘ દ્વારા કર્મચારીઓને બોનસ પેટે રૂા. ૩૧,૫૪,૧૮૪/– ચુકવેલ છે. સંઘના કર્મચારીઓ તેમની કામગીરીમાં નિપુણતા મેળવે અને અદ્યતન ટેકનોલોજીથી અવગત થાય તે હેતુથી સંઘના કર્મચારીઓને જરૂરિયાત મુજબ તાલીમ આપવામાં આવે છે. તેમજ જુદી જુદી કોલેજના વિદ્યાર્થીઓને દૂધ સંઘ દ્વારા તેમના ઈન્ટર્નશીપ પ્રોગ્રા અંતર્ગત તાલીમ આપવામાં આવે છે. દૂધ સંઘ દ્વારા કાર્યરત કર્મચારીઓમાં ૨૭ કાયમી તથા ૧૬૫ કોન્ટ્રાકટયુઅલ (પ્રોબેશન) છે.



## વર્ષ ૨૦૨૧–૨૨ દરમ્યાન વધુ દૂધ ભરાવતી ૫ (પાંચ) મંડળીઓ

પોરબંદર જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. માં વર્ષ ૨૦૨૨૧–૨૨માં સૌથી વધુ દૂધ સંપાદન કરતી પ્રથમ પાંચ મંડળીઓ નીચે મુજબ છે.

| ક્રમ | મંડળીનું નામ | ગામનું નામ | વર્ષ ૨૦૨૧–૨૨ દરમ્યાન ભરાવેલ દૂધનું વજન |
|---|---|---|---|
| ૧ | શ્રી ઝારેરાનેશ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. | ઝારેરાનેશ | ૧૧,૦૧,૦૨૭/– |
| ૨ | શ્રી લીરબાઈ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. | શીશલી | ૪,૬૦,૬૧૭/– |
| ૩ | શ્રી સોઢાણા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. | સોઢાણા | ૪,૫૮,૮૪૦/– |
| ૪ | શ્રી જય માતાજી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. | ટીબીનેશ | ૩,૯૭,૪૦૪/– |
| ૫ | શ્રી ખાંભોદર મ.દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. | ખાંભોદર | ૩,૭૬,૮૩૩/– |

# CRISIL રેટીંગ

દૂધ સંપાદન, દૂધની બનાવટોનું ઉત્પાદન તથા વેચાણ અને સંકલનના પરિણામે દૂધ સંઘની નાંણાકીય સધ્ધરતામાં વધારો થવાના કારણે ભારતની સર્વોચ્ચ રેટીંગ એજન્સી (CRISIL) દ્વારા સુદામા દૂધ સંઘના મૂલ્યાંકનના અંતે AAA રેટીંગ તથા A+ રેટીંગ ઈસ્યુ કરવામાં આવેલ છે જે આપણાં સૌ માટે ગૌરવની બાબત છે.

**Ratings**

CONFIDENTIAL

RL/PJSDUSL/273748/BLR/0821/16441
August 27, 2021

Mr. Bharat Puchhadiya
Managing Director
Porbandar Jilla Sahkari Dudh Utpadak Sangh Limited
Plot no. 277, GIDC,
Porbandar - 360577
7624005877

Dear Mr. Bharat Puchhadiya,

Re: Assignment of CRISIL Ratings to the bank facilities of Porbandar Jilla Sahkari Dudh Utpadak Sangh Limited

All ratings assigned by CRISIL Ratings are kept under continuous surveillance and review.

Please find in the table below the ratings outstanding for the debt instruments/facilities of the company, and the rating actions by CRISIL Ratings on the ratings as on date.

| | |
|---|---|
| Total Bank Loan Facilities Rated | Rs.84 Crore |
| Long Term Rating | CRISIL AAA (CE) /Stable (Assigned) |
| Long Term Rating | CRISIL A+/Stable (Assigned) |

(Bank-wise details as per Annexure 1)

As per our Rating Agreement, CRISIL Ratings would disseminate the ratings, along with the outlook, through its publications and other media, and keep the ratings, along with the outlook, under surveillance over the life of the instrument/facility. CRISIL Ratings reserves the right to withdraw, or revise the ratings, along with the outlook, at any time, on the basis of new information, or unavailability of information, or other circumstances which CRISIL Ratings believes may have an impact on the ratings.

In the event of the company not availing the proposed facilities within a period of 180 days from the date of this letter, a fresh letter of revalidation from CRISIL Ratings will be necessary.

Should you require any clarification, please feel free to get in touch with us.

With warm regards,

Yours sincerely,

Tanvi Kumar Shah
Associate Director - CRISIL Ratings

Nivedita Shibu
Associate Director - CRISIL Ratings

Disclaimer: A rating by CRISIL Ratings reflects CRISIL Ratings' current opinion on the likelihood of timely payment of the obligations under the rated instrument, and does not constitute an audit of the rated entity by CRISIL Ratings. Our ratings are based on information provided by the issuer or obtained by CRISIL Ratings from sources it considers reliable. CRISIL Ratings does not guarantee the completeness or accuracy of the information on which the rating is based. A rating by CRISIL Ratings is not a recommendation to buy / sell or hold the rated instrument; it does not comment on the market price or suitability for a particular investor. CRISIL Ratings has a practice of keeping all its ratings under surveillance and ratings are revised as and when circumstances so warrant. CRISIL Ratings is not responsible for any errors and especially states that it has no financial liability whatsoever to the subscribers / users / transmitters / distributors of its ratings. CRISIL Ratings' criteria are available without charge to the public on the web site, www.crisil.com. CRISIL Ratings or its associates may have other commercial transactions with the company/entity. For the latest rating information on any instrument of any company rated by CRISIL Ratings, please contact Customer Service Helpdesk at CRISILratingdesk@crisil.com or at 1800-267-1301.

CRISIL Ratings Limited
(A subsidiary of CRISIL Limited)
Corporate Identity Number: U67100MH2019PLC326247

Registered Office: CRISIL House, Central Avenue, Hiranandani Business Park, Powai, Mumbai- 400 076. Phone: +91 22 3342 3000 | Fax: +91 22 4040 5800
www.crisilratings.com

# આભાર દર્શન

મારા ઉદ્દબોધનનું સમાપન કરતા પહેલા આપણા સંઘની વર્ષ દરમ્યાનની કામગીરીને સફળ બનાવવા જે સંસ્થા કે વ્યકિત તરફથી સાથ, સહકાર અને માર્ગદર્શન મળેલ છે તે તમામનો હૃદયપૂર્વક આભાર માનુ છું.

આપણી સંસ્થા, દૂધ મંડળીઓ અને દૂધ ઉત્પાદકોના વિકાસ માટે કેન્દ્ર સરકાર તરફથી મળેલ સહયોગ બદલ વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ તથા ગૃહપ્રધાન તેમજ દેશના પ્રથમ સહકારીતા મંત્રીશ્રી માનનીય અમિતભાઈ શાહ સાહેબ તથા કેન્દ્ર સરકારશ્રીના તમામ સંબંધિત વિભાગના અધિકારીઓનો ખૂબ ખૂબ આભારી છું.

ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી માનનીય શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબ રાજય સરકારના મંત્રી મંડળના તમામ સભ્યશ્રીઓ તરફથી ડેરી વિકાસની પ્રવૃતિ અંગે મળેલ માર્ગદર્શન તથા સહકાર બદલ તેમનો ખૂબ ખૂબ આભાર માનુ છું.

પોરબંદરના ધારાસભ્ય માનનીય શ્રી બાબુભાઈ બોખીરીયા સાહેબ તરફથી પોરબંદર સંઘના વિકાસ માટે અમોને સતત માર્ગદર્શન અને સહયોગ મળતો રહે છે તે બદલ હું અંતઃકરણ પૂર્વક આભાર માનું છું.

ગુજરાત રાજયના રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ–ગાંધીનગર, મુખ્ય કાર્યપાલક અધિકારીશ્રી (નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ) ગુજરાત રાજય અમદાવાદ, જિલ્લા રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ પોરબંદર શ્રી જય શાહ અને સ્પેશયલ ઓડીટર(મિલ્ક), રાજકોટ તરફથી વખતો વખત મળતા માર્ગદર્શન તથા સલાહ સૂચનો માટે પોરબંદર દૂધ સંઘ તેમનો આભાર માને છે.

ગુજરાત કો.ઓપ.મિલ્ક માર્કેટીંગ ફેડરેશન લી. આણંદના ચેરમેન શ્રી શામળભાઈ પટેલ, વાઈસ ચેરમેન શ્રી વલમજીભાઈ હુંબલ, મેનેજીંગ ડીરેકટર શ્રી આર. એસ. સોઢી તથા નિયામક મંડળના તમામ સભ્યશ્રીઓ તથા તમામ અધિકારીશ્રીઓ દ્વારા મળેલ તકનીકી અને નાંણાકીય માર્ગદર્શન બદલ આભાર વ્યકત કરૂ છું.

નિયામક મંડળે મંજૂર કરેલ અને વૈદ્યાનિક ઓડીટરશ્રી દ્વારા પ્રમાણિત થયેલ વર્ષ ૨૦૨૧–૨૨ના હિસાબો, અહેવાલ તથા વર્ષ દરમ્યાન થયેલ વિવિધ કામગીરી આ અહેવાલમાં આપની સમક્ષ પ્રસ્તુત કરતા હર્ષની લાગણી અનુભવુ છું.

સંઘના કામકાજમાં નિયામક મંડળના મારા સાથી સભ્યોનો તેમના સહકાર બદલ ઋણી છું. દૂધ સંઘ સાથે સંયોજિત દૂધ મંડળીઓના ચેરમેનશ્રીઓ, સંચાલકો તેમજ આપણા દૂધ સંઘના વિકાસયાત્રાના આધાર સ્તંભ એવા આપણા પશુપાલક ભાઈઓ તથા બહેનોનો પણ આભાર માનું છું.

આપણા દૂધ સંઘના કુશળ સંચાલન અને પ્રગતિમાં દૂધ સંઘના મેનેજીંગ ડીરેકટરશ્રી, અધિકારીઓ તથા કર્મચારી દ્વારા જે અવિરત સેવાઓ આપવામાં આવેલ છે તે બદલ તેઓનો અંતઃકરણ પૂર્વક આભાર માનું છું.

આપણી સંસ્થા તથા તેની સાથે સંયોજીત દૂધ મંડળીઓની વિકાસયાત્રા અવિરત ચાલુ રહે અને આવનાર વર્ષોમાં સીમાચિહ્ન રૂપ પ્રગતિના સોપાન સર કરે અને તે દ્વારા સુદામા ડેરી પરિવારના સભ્યોનું ભાવી સુખ અને સમૃધ્ધિસભર બને તેવી અપેક્ષા સાથે વિરમું છું.

આપનો સહકારી
**શ્રી ભરતભાઈ ઓડેદરા**
અધ્યક્ષશ્રી



ગુજરાત રાજયના નવ નિયુકત રાજયકક્ષાના સહકાર મંત્રી શ્રી જગદિશભાઈ પંચાલ સાહેબ દ્વારા સુદામા ડેરીના આધુનિક પ્રોસેસીંગ અને પેકીંગ પ્લાન્ટની મુલાકાત કરવામાં આવેલ તેઓને આવકરતા દૂધ સંઘના ચેરમેન શ્રી ભરતભાઈ ઓડેદરા



ગુજરાત રાજયના પૂર્વ આરોગ્ય મંત્રી શ્રી કુમારભાઈ કાનાણી સાહેબ દ્વારા પોરબંદર સુદામા ડેરીની મુલાકાત લેવામાં આવેલ જેમાં દૂધ સંઘના ચેરમેન તથા દૂધ મંડળીના પ્રમુખ અને મંત્રી દ્વારા પોરબંદર જિલ્લામાં પશુપાલન અને દૂધ મંડળીથી માહિતગાર કરવામાં આવેલ.

### તા. ૩૧-૩-૨૦૨૨ ના રોજ પૂરા થતા વર્ષનું પાકું સરવૈયું

| ૩૧-૩-૨૦૨૧ | ફંડ તથા દેવા | ૩૧-૩-૨૦૨૨ |
|---|---|---|
| ૪૦,૦૦૦-૦૦ | સત્તાવાર શેર ભંડોળ | ૨,૦૮,૦૦૦-૦૦ |
| ૧૧,૦૧,૧૯,૪૫૫-૦૦ | ગ્રાન્ટ | ૧૦,૯૫,૨૨,૬૦૩-૦૦ |
| ૪,૮૪,૮૧,૫૩૭-૦૦ | રીઝર્વ ફંડ તથા અન્ય ફંડ | ૫,૧૨,૫૩,૧૩૯-૦૦ |
| ૨૧,૨૨,૪૯,૧૬૯-૦૦ | સિક્યોર્ડ લોન | ૧૭,૬૭,૬૬,૯૩૯-૦૦ |
| ૩૭,૯૭,૩૪,૧૯૧-૦૦ | અનસિક્યોર્ડ લોન | ૩૬,૫૮,૨૮,૬૪૬-૦૦ |
| ૮,૫૭,૦૪,૪૨૭-૦૦ | ડીપોઝીટ (જવાબદારી) | ૮,૮૬,૨૭,૦૩૪-૦૦ |
| ૬૭,૮૭,૪૧૧-૦૦ | ચાલુ જોગવાઈ | ૭૮,૩૯,૦૧૬-૦૦ |
| ૩૬,૬૨,૯૭,૪૫૨-૦૦ | ચાલુ દેવાં | ૩૬,૯૧,૨૭,૪૬૨-૦૦ |
| ૨૨,૬૫,૯૮,૮૨૪-૦૦ | ઘસારા ફંડ | ૨૯,૩૦,૧૪,૧૯૮-૦૦ |
| ૪૧,૮૭,૪૦૩-૦૦ | ચોખ્ખો નફો | ૬૮,૦૮,૦૭૨-૦૦ |
| ૧,૪૪,૦૧,૯૯,૮૬૯-૦૦ | કુલ સરવાળો... | ૧,૪૬,૮૯,૯૫,૧૦૯-૦૦ |

નોંધ : આ હિસાબો તા. ૦૮-૦૮-૨૦૨૨ ની નિયામક મંડળની બેઠકના ઠરાવ નં. ૦૬ થી મંજૂર થયેલ છે.

**જે. એસ. શાહ**
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ
પોરબંદર

**ડૉ. ભરત પુછડીયા**
ઈન્ચાર્જ મેનેજીંગ ડીરેકટર

**એચ.જે. રૈયાણી એન્ડ કું.**
(પેઢી નં. ૧૨૪૯૬૩ W)
ચાર્ટડ એકાઉન્ટન્ટસ વતી,
હેમલ રૈયાણી
મે.નં. - ૧૧૬૬૨૦
(પેનલ નં. ૩૮૧)

**ભરતભાઈ ઓડેદરા**
ચેરમેનશ્રી

**રવિ જોષી**
ડેપ્યુટી મેનેજર
(એકાઉન્ટસ એન્ડ ફાઈનાન્સ)

# શ્રી પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમીટેડ

## સુદામા ડેરી - પોરબંદર

### તા. ૩૧-૩-૨૦૨૨ ના રોજ પૂરા થતા વર્ષનું પાકું સરવૈયું

| ૩૧-૩-૨૦૨૧ | ફંડ તથા દેવા | ૩૧-૩-૨૦૨૨ |
|---|---|---|
| ૯૧,૬૫,૧૨,૫૯૨-૦૦ | મિલ્કતો | ૯૩,૭૭,૫૧,૬૨૦-૦૦ |
| ૩,૦૯,૦૫,૩૩૦-૦૦ | રોકાણો | ૨,૭૩,૭૪,૪૨૭-૦૦ |
| ૩,૧૮,૧૨,૨૬૦-૦૦ | દૂધનો સ્ટોક | ૩,૯૨,૦૭,૧૦૨-૦૦ |
| ૧,૬૮,૬૬,૪૩૧-૦૦ | ટ્રેડીંગ મટીરીયલ સ્ટોક | ૩,૧૪,૪૪,૦૩૪-૦૦ |
| ૩૫,૩૧,૪૭૯-૦૦ | લોન અને એડવાન્સ અને ડીપોઝીટ | ૧,૮૨,૯૧,૭૦૪-૦૦ |
| ૩૩,૨૦,૯૩,૧૭૬-૦૦ | વ્યાપારી લેણા | ૩૮,૬૮,૬૧,૦૮૦-૦૦ |
| ૧૦,૮૪,૭૮,૬૦૧-૦૦ | કૅશ / બેન્ક | ૨,૮૦,૬૫,૧૪૨-૦૦ |
| ૧,૪૪,૦૧,૯૯,૮૬૯-૦૦ | કુલ સરવાળો... | ૧,૪૬,૮૯,૯૫,૧૦૯-૦૦ |

સામેલ અહેવાલ મુજબ

શ્રી ભરતભાઈ બી. બોખીરીયા – વા.ચેરમેનશ્રી
શ્રી વિરમભાઈ ડી. કારાવદરા – ડીરેકટરશ્રી
શ્રી નાગાભાઈ એમ. ઓડેદરા – ડીરેકટરશ્રી
શ્રી અરજનભાઈ પી. ભુતિયા – ડીરેકટરશ્રી
ડો. આકાશ બી. રાજશાખા – ડીરેકટરશ્રી

શ્રીમતિ રાંભીબેન બી. મકવાણા – ડીરેકટરશ્રી
શ્રીમતિ લતાબેન સી. ભુવા – ડીરેકટરશ્રી
શ્રીમતિ જયોતિબેન ડી. ઓડેદરા – ડીરેકટરશ્રી
શ્રી ભાવેશ ધોળકીયા – પ્રતિનીધી GCMMFLTD.

# શ્રી પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમીટેડ

## સુદામા ડેરી - પોરબંદર

### તા. ૧-૦૪-૨૦૨૧ થી તા. ૩૧-૦૩-૨૦૨૨ ના રોજ પૂરા થતા વર્ષનું વ્યાપાર તથા નફા-નુકશાન પત્રક

| ૨૦૨૦-૨૦૨૧ | જાવક | ૨૦૨૧-૨૦૨૨ |
|---|---|---|
| ૩,૦૭,૬૯,૫૬૨-૦૦ | ઉઘડતો સ્ટોક | ૩,૧૮,૧૨,૨૬૦-૦૦ |
| ૪,૩૪,૮૭,૮૨,૫૦૯-૦૦ | ખરીદી | ૪,૫૨,૬૩,૫૬,૫૭૩-૦૦ |
| ૨૭,૬૪,૫૬,૮૭૪-૦૦ | ખરીદી ખર્ચ | ૨૩,૧૨,૯૦,૧૦૭-૦૦ |
| ૩,૭૨,૫૭,૦૨૫-૦૦ | પાવર અને ફ્યુલ ખર્ચ | ૪,૧૧,૨૦,૬૫૭-૦૦ |
| ૬,૬૪,૪૦,૧૨૧-૦૦ | પ્રોસેસીંગ ખર્ચ | ૭,૭૩,૧૨,૯૩૫-૦૦ |
| ૧,૭૭,૪૬,૦૬૮-૦૦ | રીપેરીંગ અને મેઈન્ટેનન્સ | ૧,૭૫,૦૮,૫૫૮-૦૦ |
| ૪,૮૭,૬૪,૦૬૨-૦૦ | પગાર અને સ્ટાફ સવલત ખર્ચ | ૫,૨૩,૪૫,૨૧૦-૦૦ |
| ૬,૩૬,૨૯૯-૦૦ | વિમા ખર્ચ | ૯,૪૧,૮૦૪-૦૦ |
| ૨૩,૯૩,૨૦૩-૦૦ | પોસ્ટ/ટેલીફોન/સ્ટેશનરી ખર્ચ | ૧૫,૯૨,૦૨૭-૦૦ |
| ૨૫,૩૨,૭૪૬-૦૦ | પ્રવાસ અને જાહેરાત ખર્ચ | ૧૫,૯૨,૬૪૩-૦૦ |
| ૫૪,૪૧,૭૩૦-૦૦ | પરચુરણ ખર્ચ | ૫૭,૭૮,૨૧૮-૦૦ |
| ૧૮,૫૬,૨૪૦-૦૦ | ઓડીટ ખર્ચ ફાળો | ૧૭,૭૦,૬૪૧-૦૦ |
| ૩,૧૦,૩૮,૬૫૪-૦૦ | વ્યાજ અને બેંક કમીશન | ૨,૦૩,૦૯,૩૮૨-૦૦ |
| ૨૯,૦૦,૮૫૧-૦૦ | સહકાર વિકાસ ખર્ચ | ૪૧,૪૫,૯૯૭-૦૦ |
| ૩૯,૨૧,૩૦૭-૦૦ | ભાડુ અને વેરા | ૪૩,૫૬,૨૩૫-૦૦ |
| ૭,૭૨,૬૩,૦૩૫-૦૦ | ઘસારા ખર્ચ | ૬,૭૬,૨૪,૬૮૬-૦૦ |
| ૧૭,૫૯૬-૦૦ | ઈન્કમ ટેક્ષ | ૧૬,૩૨,૪૦૧-૦૦ |
| ૪,૯૫,૪૨,૧૭,૮૮૨-૦૦ | કુલ | ૫,૦૮,૭૪,૯૦,૩૩૪-૦૦ |
| ૪૧,૮૭,૪૦૩-૦૦ | ચોખ્ખો નફો | ૬૮,૦૮,૦૭૨-૦૦ |
| ૪,૯૫,૮૪,૦૫,૨૮૫-૦૦ | કુલ સરવાળો... | ૫,૦૯,૪૨,૯૮,૪૦૬-૦૦ |

નોંધ : આ હિસાબો તા. ૦૮-૦૮-૨૦૨૨ ની નિયામક મંડળની બેઠકના ઠરાવ નં. ૦૬ થી મંજૂર થયેલ છે.

**જે. એસ. શાહ**
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ
પોરબંદર

**ડો. ભરત પુછડીયા**
ઈન્ચાર્જ મેનેજીંગ ડીરેક્ટર

**એચ.જે. રૈયાણી એન્ડ કો.**
(પેઢી નં. ૧૨૪૯૬૩ W)
ચાર્ટડ એકાઉન્ટન્ટસ વતી,
હેમલ રૈયાણી
મે.નં. - ૧૧૬૬૨૦
(પેનલ નં. ૩૮૧)

**ભરતભાઈ ઓડેદરા**
ચેરમેનશ્રી

**રવિ જોષી**
ડેપ્યુટી મેનેજર
(એકાઉન્ટસ એન્ડ ફાઈનાન્સ)

# શ્રી પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમીટેડ

## સુદામા ડેરી - પોરબંદર

### તા. ૧-૦૪-૨૦૨૧ થી તા. ૩૧-૦૩-૨૦૨૨ ના રોજ પૂરા થતા વર્ષનું વ્યાપાર તથા નફા-નુકશાન પત્રક

| ૨૦૨૦-૨૦૨૧ | આવક | ૨૦૨૧-૨૦૨૨ |
|---|---|---|
| ૪,૯૧,૪૧,૩૬,૯૮૭-૦૦ | દૂધ તથા દૂધની બનાવટોનું વેચાણ | ૫,૦૪,૩૯,૧૫,૪૭૪-૦૦ |
| ૧,૨૪,૫૬,૦૩૮-૦૦ | અન્ય આવક | ૧,૧૧,૭૫,૮૩૦-૦૦ |
| ૩,૧૮,૧૨,૨૬૦-૦૦ | બંધ સ્ટોક | ૩,૯૨,૦૭,૧૦૨-૦૦ |
| ૪,૯૫,૮૪,૦૫,૨૮૫-૦૦ | કુલ સરવાળો... | ૫,૦૯,૪૨,૯૮,૪૦૬-૦૦ |

**સામેલ અહેવાલ મુજબ**

શ્રી ભરતભાઈ બી. બોખીરીયા – વા.ચેરમેનશ્રી
શ્રી વિરમભાઈ ડી. કારાવદરા – ડીરેકટરશ્રી
શ્રી નાગાભાઈ એમ. ઓડેદરા – ડીરેકટરશ્રી
શ્રી અરજનભાઈ પી. ભુતિયા – ડીરેકટરશ્રી
ડો. આકાશ બી. રાજશાખા – ડીરેકટરશ્રી

શ્રીમતિ રાંભીબેન બી. મકવાણા – ડીરેકટરશ્રી
શ્રીમતિ લતાબેન સી. ભુવા – ડીરેકટરશ્રી
શ્રીમતિ જયોતિબેન ડી. ઓડેદરા – ડીરેકટરશ્રી
શ્રી ભાવેશ ધોળકીયા – પ્રતિનીધી GCMMFLTD.

# પેટા નિયમ મુજબ નફાની ફાળવણી ૨૦૨૧-૨૨

| ચોખ્ખો નફો | ૬૮,૦૮,૦૭૨-૦૦ | ટકાવારી |
|---|---|---|
| રીઝર્વ ફંડ | ૧૭,૦૨,૦૧૮-૦૦ | ૨૫.૦૦% |
| શિક્ષણ ફંડ | ૫૦,૦૦૦-૦૦ | ૦.૭૩% |
| શેર ડીવીડન્ડ | ૧૨,૪૮૦-૦૦ | ૦.૧૮% |
| સભાસદ કલ્યાણ ફંડ | ૧,૩૬,૧૬૧-૦૦ | ૨.૦૦% |
| કુલ | ૧૯,૦૦,૬૫૯-૦૦ | ૨૭.૯૨% |

| બાકી નફો | ૪૯,૦૭,૪૧૩-૦૦ | |
|---|---|---|
| બિલ્ડીંગ ફંડ | ૩૯,૨૫,૯૨૯-૦૦ | ૮૦.૦૦% |
| ચેરીટી ફંડ | ૨,૪૫,૩૭૧-૦૦ | ૫.૦૦% |
| સહકાર પ્રચાર-પ્રસાર ફંડ | ૨,૪૫,૩૭૧-૦૦ | ૫.૦૦% |
| સંશોધન અને વિકાસ ફંડ | ૨,૪૫,૩૭૧-૦૦ | ૫.૦૦% |
| ડિવીડન્ડ ઈકવીલાયજેશન ફંડ | ૨,૪૫,૩૭૧-૦૦ | ૫.૦૦% |
| કુલ | ૬૮,૦૮,૦૭૨-૦૦ | ૧૦૦.૦૦% |

નોંધ : આ હિસાબો તા. ૦૮-૦૮-૨૦૨૨ ની નિયામક મંડળની બેઠકના ઠરાવ નં. ૦૭ થી મંજૂર થયેલ છે.

**જે. એસ. શાહ**
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ
પોરબંદર

**ડો. ભરત પુછડીયા**
ઈન્ચાર્જ મેનેજીંગ ડીરેકટર

**એચ.જે. રૈયાણી એન્ડ કું.**
(પેઢી નં. ૧૨૪૯૬૩ W)
ચાર્ટડ એકાઉન્ટન્ટસ વતી,
હેમલ રૈયાણી
મે.નં. - ૧૧૬૬૨૦
(પેનલ નં. ૩૮૧)

**ભરતભાઈ ઓડેદરા**
ચેરમેનશ્રી

**રવિ જોષી**
ડેપ્યુટી મેનેજર
(એકાઉન્ટસ એન્ડ ફાઈનાન્સ)

# શ્રી પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમીટેડ

## સુદામા ડેરી - પોરબંદર

## આવક તથા ખર્ચનું અંદાજપત્રઃ સને ૨૦૨૨-૨૦૨૩

| આવક | રૂપિયા (લાખમાં) |
|---|---|
| દૂધ તથા દૂધ પ્રોડક્ટ વેચાણ આવક | ૫૨૫૦૦-૦૦ |
| દૂધ સિવાય અન્ય વેચાણ આવક | ૬૦૦-૦૦ |
| અન્ય આવક | ૧૫૦-૦૦ |
| વ્યાજ આવક | ૨૦-૦૦ |
| કુલ સરવાળો | ૫૩૨૭૦-૦૦ |

| ખરીદી તથા ખર્ચ | રૂપિયા (લાખમાં) |
|---|---|
| દૂધ ખરીદી | ૪૬૩૫૩-૦૦ |
| અન્ય ખરીદી | ૫૧૦-૦૦ |
| અન્ય ટ્રાન્સપોર્ટ અને હેડલોડ ખર્ચ | ૨૪૦૦-૦૦ |
| પ્રોસેસીંગ ખર્ચ | ૩૨૫-૦૦ |
| પ્રોસેસીંગ લેબર ખર્ચ | ૪૨૫-૦૦ |
| પેકેજિંગ ખર્ચ | ૫૫૦-૦૦ |
| બી.એમ.સી. ખર્ચ | ૫૫-૦૦ |
| વિજળી, પાણી, બળતણ ખર્ચ | ૫૦૦-૦૦ |
| સ્ટાફ પગાર તથા અન્ય સવલતો | ૫૫૦-૦૦ |
| કોમ્પ્યુટર મરામત અને નિભાવ ખર્ચ | ૩૦-૦૦ |
| માર્કેટીંગ એક્સપાન્શન તથા વેચાણ કમી. | ૧૦-૦૦ |
| તાર, ટપાલ, ટેલીફોન, સ્ટેશનરી ખર્ચ | ૩૦-૦૦ |
| વિમા પ્રિમીયમ | ૧૦-૦૦ |
| ભાડા તથા વેરાઓ | ૪૫-૦૦ |
| વહીવટી ખર્ચ | ૬૦-૦૦ |
| જાહેરાત ખર્ચ | ૫-૦૦ |
| અન્વેષણ ઓડીટ ફી | ૨૫-૦૦ |
| વેટરનરી ખર્ચ | ૩૫-૦૦ |
| વ્યાજ તથા બેંક કમીશન | ૨૫૦-૦૦ |
| કો-ઓપ. ડેવ. એક્સ. એન્ડ એક. ખર્ચ | ૧૦-૦૦ |
| પ્લાન્ટ મશીનરી મેઈનટેનન્સ | ૧૫૦-૦૦ |
| મિલ્ક ડે સેલીબ્રિશન | ૩-૦૦ |
| ટ્રાવેલીંગ | ૩૫-૦૦ |
| ઘસારો | ૬૫૦-૦૦ |
| કુલ સરવાળો | ૫૩૦૧૬-૦૦ |
| અંદાજીત નફો | ૨૫૪-૦૦ |

| મુડી ખર્ચ | રૂપિયા (લાખમાં) |
|---|---|
| (૧) મશીનરી | ૩૫૦-૦૦ |
| (૨) મકાન બાંધકામ અને રીનોવેશન | ૧૦-૦૦ |
| (૩) ચીલીંગ સેન્ટર અને બીએમસી અપગ્રેડેશન | ૧૦-૦૦ |
| (૪) વાહન ખરીદી | ૧૫-૦૦ |
| (૫) કોમ્પ્યુટર / નેટવર્કીંગ અને સી.સી.ટીવી કેમેરા | ૧૫-૦૦ |
| (૬) ફર્નીચર, ફીક્ચર અને ઈન્ટીરીયર | ૧૦-૦૦ |
| (૭) લેબ ઈક્વીપમેન્ટ | ૩૦-૦૦ |
| (૮) સોલર રૂફ-ટોફ કુતિયાણા પેકીંગ પ્લાન્ટ | ૩૦૦-૦૦ |
| કુલ સરવાળો | ૭૪૦-૦૦ |



પોરબંદર જિલ્લા તથા આસપાસના વિસ્તારોમાં દૂધ–ઘી તથા દૂધની મીઠાઈઓ મળી રહે તે માટે સુદામા ડેરી દ્વારા મીઠાઈનું ઉત્પાદન કરી વેચાણ માટે સુદામા ડેરીની પ્રથમ સ્વીટ શોપનું ઉદ્‌ઘાટન કરવામાં આવેલ અને આ પ્રસંગે ઉપસ્થિત પોરબંદરના લોક લાડીલા ધારાસભ્ય શ્રી બાબુભાઈ બોખીરીયા તથા જિલ્લા કલેકટર શ્રી અશોક શર્મા કરી પોરબંદર દૂધ સંઘના ચેરમેન શ્રી ભરતભાઈ ઓડેદરાને શુભેચ્છા આપવામાં આવેલ.



પોરબંદરની પ્રખ્યાત શૈક્ષણિક સંસ્થા સ્વામીનારાયણ એમ.બી.એ. કોલેજ દ્વારા સુદામા ડેરીના અત્યાધુનિક પ્રોસેસીંગ અને પેકીંગ પ્લાન્ટની વિઝિટ કરવામાં આવેલ.

## મહત્વની હિસાબી નીતિઓ, હિસાબો અને આકસ્મિક જવાબદારીઓ પરની નોંધ
## સને ૨૦૨૧-૨૨

**(અ) મહત્વની લાગુ પાડવામાં આવેલ હિસાબી નોંધ તથા હિસાબી નોંધને લગતી નીતિઓ નીચે પ્રમાણે છે.**

૧. **હિસાબી પ્રણાલી :** નાણાંકીય હિસાબો ઐતિહાસીક પ્રણાલી મુજબ એકુઅલના ધોરણે સામાન્ય રીતે સ્વીકારાયેલ હિસાબો સિધ્ધાંતો મુજબ તૈયાર કરવામાં આવ્યા છે.

૨. **આવકની હિસાબી નોંધ :** આવકની હિસાબી નોંધ સંઘને થનાર આર્થિક ફાયદો અને આવકની ગણતરી ચોકકસ રીતે થઈ શકે તે મુજબ વેચાણની હિસાબી નોંધ માલના હસ્તાન્તરણના આધારે કરેલ છે. તમામ આવક અને ખર્ચની નોંધણી એકુઅલના ધોરણે કરવામાં આવે છે.

૩. **સ્થાવર/જંગમ મિલ્કતો :** મિલ્કતોનું મૂલ્યાંકન ખરીદ કિંમતના આધારે કરવામાં આવેલ છે. મિલ્કતોની કિંમતમાં ખરીદ કિંમત, વ્યાજ અને બીજા સીધા ખર્ચાઓ કે જે મિલ્કતને ઉપયોગમાં લેવા માટે કરવામાં આવ્યા હોય તેનો સમાવેશ કરવામાં આવેલ છે.

સ્થાવર મિલ્કતો ને હિસાબી ચોપડે તેની ખરીદ કિંમતે દર્શાવેલ છે. સ્થાવર મિલ્કતોને લગતા ઘસારાને સ્થાવર મિલ્કતોમાંથી ન ઘટાડી તેને ઘસારા ફંડ ખાતે દર્શાવેલ છે.

સ્થાવર મિલ્કતો પૈકીની જે રાષ્ટ્રિય કિશાન વિકાસ યોજનાની ગ્રાન્ટમાંથી ખરીદેલ છે તેના પરના ઘસારાની ગણતરી કરવામાં આવી નથી. ગ્રાન્ટની રકમમાંથી ખરીદેલ મિલ્કતને તેની ખરીદ કિંમતે દર્શાવેલ છે. ગ્રાન્ટની રકમને જરૂરી મંજૂરી મળ્યા પછી મિલ્કતની ખરીદ કિંમતમાંથી બાદ કરવામાં આવશે.

૪. **રોકાણો :** રોકાણો લાંબાગાળા માટે કરેલ હોવાથી તેને પડતર કિંમતે દર્શાવેલ છે. સંઘના બધાજ રોકાણો શિડયુલ્ડ બેંક સાથે કરેલ છે.

૫. **વેલ્યુએશન અને ઈન્વેનટરી :**

અ. કાચા માલ, પેકીંગ મટીરીયલ્સ, સ્ટોર્સ અને કન્ઝયુમર્સનું મુલ્યાંકન પડતર કિંમતે કરેલ છે. પડતર કિંમત ભારીત સરેરાશ પધ્ધતિથી નકકી કરેલ છે.

બ. તૈયાર માલ અને ચાલુ કામનું મુલ્યાંકન ખરીદ કિંમત અન્યથા અંદાજીત મળવાપાત્ર મુલ્ય બંનેમાંથી જે ઓછી હોય તેના ધોરણે નકકી કરેલ છે પડતર કિંમતમાં ખરીદ કિંમત, મજુરી તથા સામાન્ય ઉત્પાદન ક્ષમતાને આધારે પ્રમાણસર ઉત્પાદન ખર્ચાઓ સામેલ કરેલ છે. પડતર કિંમત મુવીંગ ભારીત સરેરાશ નકકી કરેલ છે.

ક. વેપાર માટેના માલનું મુલ્યાંકન પડતર કિંમતે કરેલ છે.
પડતર કિંમતમાં ખરીદ કિંમત તથા માલીક તેના હાલની પરિસ્થિતિ તથા સ્થાને લેવા માટેના સીધા ખર્ચાઓ સામેલ કરેલ છે.

ડ. માલ તથા અન્ય વસ્તુઓ જે રાજય અને કેન્દ્ર સરકારની સહાય હેઠળ અને ફેડરેશનના યોગદાન હેઠળ વિતરણ માટે રાખેલ છે. તેમનું મુલ્યાંકન પડતર કિંમતે કરેલ છે.
અંદાજીત મળવાપાત્ર મુલ્ય એટલે અંદાજીત વેચાણ કિંમતમાંથી વેચાણ પૂર્ણ કરવા માટેના તથા વેચાણ કરવાના અંદાજીત ખર્ચા બાદ કરેલ મુલ્ય.

૬. **જોગવાઈ ન કરેલ સંભવિત/આકસ્મિક જવાબદારીઓ (અંદાજીત) :**

અ. સંઘે કોઈ પણ બેંક ગેરેંટીઓ અથવા લેટર્સ ઓફ કેડીટ આપેલ નથી.

૭. **આવકની જોગવાઈઓ :**

અ. નાંણાકીય વર્ષમાં આવકવેરાની જોગવાઈ આવકવેરાના કાયદા મુજબ કરવામાં આવેલ છે.

બ. ઈન્સ્ટીટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડીયાના એકાઉનટીંગ સ્ટાન્ડર્ડ ૨૨ મુજબ ‘‘વિલંબિત આવક વેરો’’ એટલે કે ‘‘Deferred Tax’’ ની ગણતરી કે નોંધ કરેલ નથી.

૮. મિલ્કતો માટે મળેલી ગ્રાન્ટની રકમને મિલ્કતોની પડતર કિંમતમાંથી બાદ કરીને દર્શાવવામાં આવે છે. પરંતુ હાલના હિસાબી વર્ષ ૨૦૨૧–૨૨ સુધી ગ્રાન્ટની કોઈ રકમ મિલ્કતની પડતર કિંમતમાંથી બાદ કરવામાં આવી નથી. આ માટેની જરૂરી મંજૂરી મેળવ્યા બાદ અને ઉપયોગનું અન્વેષણ થયા બાદ તેને મિલ્કતની પડતર કિંમતમાંથી બાદ કરવામાં આવશે. સંઘને આવકને લગતી કોઈ ગ્રાન્ટ કે સબસીડી મળી નથી.

૯. દેવા અને લેણાંની બાકી તેમની ખરાઈને આધીન છે.

૧૦. પાછળના વર્ષના આંકડાઓમાં જયા જરૂરિયાત જણાય ત્યાં રીગ્રુપીંગ કરવામાં આવેલ છે.

**(બ) ઈન્સ્ટીટ્યુટ ઓફ ચાટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયા દ્વારા પ્રમાણિત એકાઉન્ટીંગ સંઘે નીચે પ્રમાણે અમલમાં મુકેલ છે.**

૧. વર્ષ દરમિયાન સંઘે મિલ્કત ઉપર ગણવામાં આવતા ઘસારાની જોગવાઈ એકાઉન્ટીંગ સ્ટાન્ડર્ડ–૬ ને અનુરૂપ કરેલ છે અને તે પ્રમાણે વર્ષ ૨૦૨૧–૨૨ માટેના દરે ઘટતી જતી બાકીની પધ્ધતિએ ઘસારાની જોગવાઈઓ કરવામાં આવેલ છે.

ઘસારાની રકમ મિલ્કત પડતર કિંમત અથવા ઘટતી જતી બાકી કિંમતમાંથી બાદ ન કરતા, ઘસારા ફંડ ખાતે દર્શાવવામાં આવેલ છે.

જે મિલ્કત મળેલ ગ્રાન્ટની રકમમાંથી ખરીદેલ છે તેના પર ઘસારો ગણવામાં આવેલ નથી. ઘટતી જતી બાકીની પધ્ધતિઓ ઘસારાની ગણતરી કરવા માટે ઘસારાના દર આવક વેરા અધિનિયમ હેઠળના દરોનો ઉપયોગ કરેલ છે.

૨. સંઘ નફા–નુકશાન ખાતું તથા સરવૈયા બનાવેલ છે. જેની સંઘના પ્રમાણિત ઓડિટર દ્વારા ચકાસણી થઈ છે અને નિયામક મંડળ તથા પ્રમાણિત ઓડિટર દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ છે.

૩. સંઘના સંબંધિત પાર્ટીઓ સાથેના વ્યવહારોની વિગત નીચે પ્રમાણે છે.

(અ) ગુજરાત કો.ઓપ. મિલ્ક માર્કેટીંગ ફેડરેશન લી.

| | | |
|---|---|---|
| **દૂધ વેચાણ** | : | **રૂા. ૪,૮૧,૫૮,૨૨,૬૩૯/–** |
| **અમુલ દાણ અને મીનરલ મીક્ષચર ખરીદી** | : | **રૂા. ૪,૩૨,૭૮,૪૦૮/–** |
| **એસ.એમ.પી. પાવડરની ખરીદી** | : | **રૂા. ૬,૮૦,૨૪,૨૫૦/–** |

૪. સંઘ દ્વારા સંભવિત જવાબદારીઓનું જયા જરૂર લાગેલ છે ત્યાં પ્રોવિઝન કરવામાં આવેલ છે.

૫. સંઘ દ્વારા માઈક્રો, સ્મોલ અને મીડીયમ એન્ટરપ્રાઈઝીસ ડેવલોપમેન્ટ એકટ ૨૦૦૬ પ્રમાણે કોઈપણ સપ્લાયરને મોડી રકમ ચુકવવાની થઈ નથી અને તેમને વ્યાજ ચૂકવવાનું થયું નથી.

૬. **રોકડ પ્રવાહ પત્રક (કેશ ફ્લો સ્ટેટમેન્ટ) :**

રોકડ પ્રવાહ પત્રક (કેશ ફ્લો સ્ટેટમેન્ટ) "એકાઉન્ટીંગ સ્ટાન્ડર્ડ–૩ કેશ ફ્લો સ્ટેટમેન્ટ" માં "પરોક્ષ પધ્ધતિ" મુજબ તૈયાર કરેલ છે અને તે સંઘની સામાન્ય પ્રવૃતિઓમાંથી થતો રોકડ પ્રવાહ દર્શાવે છે. નાંણાકીય પત્રકોમાં દર્શાવેલ રોકડ અને રોકડ સમકક્ષમાં હાથ પરની રોકડ તથા બેંક થાપણોનો સમાવેશ થાય છે.

૭. **સેગમેન્ટ રીપોર્ટીંગ :**

સંઘ દૂધ અને દાણ વેચાણની કામગીરી કરે છે જે જૂદા જૂદા ધંધાકીય જોખમ કે વળતરને આધિન નથી અને તેથી એકજ પ્રકારની ધંધાકીય પ્રવૃતિ કરે છે તેમ ગણવામાં આવેલ છે.

૮. નાંણાકીય વર્ષ ૨૦૨૧–૨૨ના અંતે કરવામાં આવેલ ફેર તપાસણીના આધારે જાણવા મળેલ છે કે કોઈ મિલ્કતમાં કોઈ ક્ષતી થવા પામેલ નથી. જેથી આવી કોઈ જોગવાઈ હિસાબમાં કરેલ નથી.

**સ્થળ : પોરબંદર**
**તારીખ : ૩૦/૦૭/૨૦૨૨**

**એચ.જે. રૈયાણી એન્ડ કાં.**
**(પેઢી નં. ૧૨૪૯૬૩ W)**
**ચાર્ટડ એકાઉન્ટન્ટસ વતી,**
**હેમલ રૈયાણી**
**મે.નં. – ૧૧૬૬૨૦**
**(પેનલ નં. ૩૮૧)**

**ભરતભાઈ ઓડેદરા**
**ચેરમેનશ્રી**

**ડો. ભરત પુછડીયા**
**ઈન્ચાર્જ મેનેજીંગ ડીરેકટર**



કોરોના મહામારીના સમયગાળામાં હોસ્પિટલોમાં મેડીકલ સાધનોની ઉણપ ઉભી થઈ હતી ત્યારે સંઘ દ્વારા કોવિડ હોસ્પિટલ, પોરબંદરને એક વેન્ટિલેટર અને પાંચ બાયપેક મશીન અને ૧૦૦ હયુમીડીફાયર અર્પણ કરવામાં આવ્યા હતા, જેથી કરીને મહામારીના સમયમાં દર્દીઓને વધુ સવલતો મળી શકે. જેનો ટોટલ ખર્ચ ૧૪,૧૫,૯૦૦/– થયેલ છે.



ગણેશ ચતુર્થીના દિવસે ભગવાન ગણેશજીની સ્થાપના સુદામા ડેરીના પેકીંગ પ્લાન્ટ ખાતે કરવામાં આવેલ, જેની પૂજા–આરતી કરતા દૂધ સંઘના મેનેજીંગ ડીરેકટર શ્રી ભરતભાઈ પુછડીયા

# શ્રી પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમીટેડ

## સુદામા ડેરી – પોરબંદર

## મિલકત તથા ઘસારા ફંડની વિગત દર્શાવતું પત્રક : ૨૦૨૧–૨૦૨૨

| અ. નં. | મિલ્કતો | ગ્રોસ બ્લોક (મુળ કિંમત) | | | | ઘસારાનું પ્રિમિયમ | | | | નેટ બ્લોક |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૦૧–૦૪–૨૦૨૧ ના રોજ કુલ કિંમત રૂપિયામાં | વર્ષ દરમ્યાન ઉમેરો રૂપિયામાં | વર્ષ દરમ્યાન ઘટાડો રૂપિયામાં | ૩૧–૦૩–૨૦૨૨ ના રોજ કુલ કિંમત રૂપિયા માં | ૦૧–૦૪–૨૦૨૧ ના રોજ કુલ ઘસારો રૂપિયા માં | વર્ષ દરમ્યાન ટ્રાન્સફર રૂપિયા માં | વર્ષ દરમ્યાન ઘસારો રૂપિયા માં | ૩૧–૦૩–૨૦૨૨ ના રોજ કુલ ઘસારો રૂપિયામાં | ૩૧–૦૩–૨૦૨૨ ના રોજની ચોખ્ખી કિંમત રૂપિયામાં |
| ૧. | જમીન | ૧૩,૩૬,૪૧,૯૦૬-૦૦ | ૧૪,૯૮,૯૦૦-૦૦ | ૦૦-૦૦ | ૧૩,૫૧,૪૦,૮૦૬-૦૦ | ૦૦-૦૦ | ૦૦-૦૦ | ૦૦-૦૦ | ૦૦-૦૦ | ૧૩,૩૬,૪૧,૯૦૬-૦૦ |
| ૨. | મકાન અને અન્ય બાંધકામ | ૧૩,૩૬,૧૭,૧૯૫-૦૦ | ૯૩,૬૧,૦૪૧-૦૦ | ૦૦-૦૦ | ૧૪,૨૯,૭૮,૨૩૭-૦૦ | ૨,૯૯,૫૭,૪૨૪-૦૦ | ૦૦-૦૦ | ૧,૦૫,૭૧,૮૪૯-૦૦ | ૪,૦૫,૨૯,૨૭૨-૦૦ | ૧૦,૩૬,૫૯,૭૭૨-૦૦ |
| ૩. | પ્લાન્ટ અને મશીનરી | ૫૭,૪૦,૮૫,૪૧૨-૦૦ | ૬૩,૮૪,૩૭૩-૦૦ | ૦૦-૦૦ | ૫૮,૦૪,૬૯,૭૮૫-૦૦ | ૧૮,૪૧,૫૫,૯૩૧-૦૦ | ૦૦-૦૦ | ૫,૧૨,૦૮,૦૦૩-૦૦ | ૨૩,૫૩,૬૩,૯૩૪-૦૦ | ૩૮,૯૯,૨૯,૪૮૧-૦૦ |
| ૪. | ઓફીસ અને ઈક્વીપમેન્ટ | ૪૧,૪૯,૧૬૧-૦૦ | ૧૦,૫૫,૧૮૧-૦૦ | ૦૦-૦૦ | ૫૨,૦૪,૩૪૨-૦૦ | ૧૦,૧૧,૨૩૯-૦૦ | ૦૦-૦૦ | ૫,૭૧,૨૮૪-૦૦ | ૧૫,૮૨,૫૨૩-૦૦ | ૩૧,૩૭,૯૨૨-૦૦ |
| ૫. | ફર્નિચર અને ફીક્સચર | ૧,૧૨,૧૭,૬૫૭-૦૦ | ૪,૫૫,૧૪૨-૦૦ | ૦૦-૦૦ | ૧,૧૬,૭૨,૭૯૯-૦૦ | ૨૨,૪૩,૯૬૨-૦૦ | ૦૦-૦૦ | ૯,૬૩,૦૮૨-૦૦ | ૩૨,૦૭,૦૪૪-૦૦ | ૮૯,૭૩,૬૯૫-૦૦ |
| ૬. | ઈલેક્ટ્રીક ફીક્સચર | ૭,૫૧,૦૭૩-૦૦ | ૧૭,૦૭,૨૫૨-૦૦ | ૦૦-૦૦ | ૨૪,૫૮,૩૨૪-૦૦ | ૧,૧૧,૬૮૯-૦૦ | ૦૦-૦૦ | ૧,૫૧,૮૧૬-૦૦ | ૨,૬૩,૫૦૫-૦૦ | ૬,૩૯,૩૮૪-૦૦ |
| ૭. | વાહનો (મોટરકાર) | ૬૪,૮૦,૮૭૨-૦૦ | ૫૮,૬૧,૯૭૨-૦૦ | ૫૩,૭૫,૩૫૭-૦૦ | ૬૯,૬૭,૪૮૭-૦૦ | ૧૮,૦૩,૭૪૩-૦૦ | ૧૧,૯૪,૭૯૦-૦૦ | ૫,૧૪,૧૩૨-૦૦ | ૧૧,૨૩,૦૮૫-૦૦ | ૪૬,૭૭,૧૨૯-૦૦ |
| ૮. | કોમ્પ્યુટર સામાન | ૫,૨૫,૬૯,૩૧૬-૦૦ | ૩,૦૫,૬૦૪-૦૦ | ૧૫,૦૮૦-૦૦ | ૫,૨૮,૫૯,૮૪૦-૦૦ | ૨,૨૯,૫૨,૪૬૧-૦૦ | ૧૪,૫૨૨-૦૦ | ૧૯,૩૯,૫૧૫-૦૦ | ૨,૪૮,૭૭,૪૫૪-૦૦ | ૨,૯૬,૧૬,૮૫૫-૦૦ |
| | **કુલ સરવાળો...** | **૯૧,૬૫,૧૨,૫૯૨–૦૦** | **૨,૬૬,૨૯,૪૬૪–૦૦** | **૫૩,૯૦,૪૩૭–૦૦** | **૯૩,૭૬,૫૧,૬૧૯–૦૦** | **૨૪,૨૨,૩૬,૪૪૯–૦૦** | **૧૨,૦૯,૩૧૨–૦૦** | **૬,૫૯,૧૯,૬૮૧–૦૦** | **૩૦,૬૯,૪૬,૮૧૭–૦૦** | **૬૭,૪૨,૭૬,૧૪૩–૦૦** |

# શ્રી પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમીટેડ

## સુદામા ડેરી – પોરબંદર

### તા. ૩૧–૩–૨૦૨૨ ના રોજ ફંડની વિગત

| અ.નં. | ફંડનું નામ | તા. ૦૧–૦૪–૨૦૨૧ ના રોજની કુલ રકમ રૂપિયામાં | વર્ષ દરમ્યાન ઉમેરો રૂપિયામાં | વર્ષ દરમ્યાન ઘટાડો રૂપિયામાં | તા. ૩૧–૦૩–૨૦૨૨ ના રોજની કુલ રકમ રૂપિયામાં |
|---|---|---|---|---|---|
| ૧ | રીઝર્વ ફંડ | ૧,૭૬,૭૭,૯૫૪/૫૯ | ૧૦,૪૭,૦૫૧/૦૦ | ૦૦/૦૦ | ૧,૮૭,૨૫,૦૦૫/૫૯ |
| ૨ | જનરલ રીઝર્વ ફંડ | ૨,૪૮,૯૭,૮૩૫/૬૦ | ૦૦/૦૦ | ૦૦/૦૦ | ૨,૪૮,૯૭,૮૩૫/૬૦ |
| ૩ | સંશોધન અને વિકાસ ફંડ | ૧૫,૪૬,૭૧૨/૦૦ | ૧,૫૨,૮૪૧/૦૦ | ૦૦/૦૦ | ૧૬,૯૯,૫૫૩/૦૦ |
| ૪ | શિક્ષણ ફંડ | ૦૦/૦૦ | ૦૦/૦૦ | ૦૦/૦૦ | ૦/૦૦ |
| ૫ | ધર્માદા ફંડ | ૧૫,૮૪,૨૭૧/૦૦ | ૧,૫૨,૮૪૦/૦૦ | ૧૪,૧૫,૯૦૦/૦૦ | ૩,૨૧,૨૧૧/૦૦ |
| ૬ | બિલ્ડીંગ ફંડ | ૧૯,૧૫,૦૮૧/૦૦ | ૨૪,૪૫,૪૪૧/૦૦ | ૦૦/૦૦ | ૪૩,૬૦,૫૨૨/૦૦ |
| ૭ | સહકાર પ્રચાર ફંડ | ૬,૭૪,૩૦૫/૦૦ | ૧,૫૨,૮૪૦/૦૦ | ૦૦/૦૦ | ૮,૨૭,૧૪૫/૦૦ |
| ૮ | સભાસદ કલ્યાણ ફંડ | ૬૫,૫૮૫/૦૦ | ૮૩,૭૪૮/૦૦ | ૦૦/૦૦ | ૧,૪૯,૩૩૩/૦૦ |
| ૯ | ડીવીડન્ડ ઈક્વીલાઈઝેશન ફંડ | ૧,૧૯,૬૯૨/૦૦ | ૧,૫૨,૮૪૧/૭૩ | ૦૦/૦૦ | ૨,૭૨,૫૩૩/૭૩ |
| | કુલ ... | ૪,૮૪,૮૧,૪૩૬/૧૯ | ૪૧,૮૭,૬૦૨/૭૩ | ૧૪,૧૫,૯૦૦/૦૦ | ૫,૧૨,૫૩,૧૩૮/૯૨ |



### :: રોકાણો ::

૧. શ્રી ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન, આણંદ
શેરમાં રોકાણ ૧,૫૯,૩૬,૦૦૦/-

૨. એસ.બી.આઇ. બેંકમાં
ફિક્સ ડીપોઝીટ રોકાણ ૬૫,૨૩,૮૭૭/-

કુલ... ૨,૨૪,૫૯,૮૭૭/-



આઝાદીના અમૃત મહોત્સવ હેઠળ ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના માર્ગદર્શનમાં સુદામા ડેરી, પોરબંદર દ્વારા પ્લાસ્ટીક મુકત ગામ અભિયાન કરવામાં આવેલ.



ડો. વર્ગીસ કુરીયનની જન્મશતાબ્દી નિમિતે ગુજરાત કો. ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ જેમાં સુદામા ડેરીની ટીમે ભાગ લઈને ઝોનલમાં વિનર થયેલ હતા.



પર્યાવરણના સંરક્ષણ માટે વૃક્ષોનું ખૂબજ મહત્વ છે. સુદામા ડેરીની વૃક્ષારોપણની પહેલને અમૂલ દ્વારા પણા બિરદાવવામાં આવી છે. વર્ષ ૨૦૨૧–૨૨ માટે ટ્રી પ્લાન્ટેશન એવોર્ડ (TPP)થી આપણી સંસ્થાને સન્માનિત કરવામાં આવેલ છે.



Amul
The Taste of India

Green revolution by tree plantation

Certificate

OF
APPRECIATION

It is with a feeling of profound appreciation that this certificate for the betterment of the environment is awarded to,

Porbandar District Cooperative Milk Producers Union Limited

TO honour their valuable contribution towards beautifying Gujarat by planting more then 1.80 thousand trees on 15th August 2021

Continue your contribution for the betterment of the environment

MANAGING DIRECTOR

Amul Green

Gujarat Co-operative Milk Marketing Federation Ltd.,
Anand 388 001, Gujarat.



:: બેંકર્સ ::

- ધી જુનાગઢ જિલ્લા સહ. બેંક લી.
- સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા
- એચ.ડી.એફ.સી બેંક


:: એડ્રેસ ::

પ્લોટ નં. ૨૭૭, સુદામા ડેરી રોડ, જી.આઈ.ડી.સી, ઓદ્યૌગિક વિસ્તાર, પોરબંદર - ૩૬૦ ૫૭૭. (ગુજરાત)

ફોન નંબર : (૦૨૮૬) ૨૨૨૨૩૧૪

E-mail : info@sudamadairy.com Website : www.sudamadairy.com